પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩ | ૪ એપ્રિલ, ૨૦૧૭, મંગળવાર ; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યના ડીજીપી પીપી પાંડેનું આખરે રાજીનામુ

## ઈસરત જહાં એન્કાઉન્ટર મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પીપી પાંડેને પદમુક્ત કરવા કરાયેલા આદેશને પગલે કાર્યકારી ડીજીપી પીપી પાંડેએ રાજીનામુ આપ્યુ : કોર્ટ દ્વારા રીબેરોની અરજીનો ઉકેલ



અમદાવાદ-નવી દિલ્હી,તા.૩

સમગ્ર દેશમાં ભારે ચકચાર જગાવનાર અને રાજકીય રીતે સંવેદનશીલ બની ગયેલા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવણી ધરાવતા ઉચ્ચ પોલીસ અધિકારી અને હાલના ઈન્ચાર્જ ડીજીપી પી.પી.પાંડેએ આજે સુપ્રીમકોર્ટમાં તેમના પદ પરથી ખસી જવાની તૈયારી દર્શાવી હતી. પી.પી.પાંડેની નિમણૂંકને પડકારતી રિટ અરજીમાં આજે ગુજરાત સરકાર તરફથી પી.પી.પાંડેનો પત્ર રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં તેમણે સ્વેચ્છાએ ડીજીપી પદેથી રાજીનામું આપી દેવાની તૈયારી બતાવી હતી. સુપ્રીમકોર્ટે રાજય સરકારના સોગંદનામા અને પાંડેના પત્રને ધ્યાનમાં લઈ પાંડેના રાજીનામાના નિર્ણયની અમલવારી કરવા ગુજરાત સરકારને તાકીદ કરી હતી અને જો તેઓ રાજીનામું ના આપે તો, તેમને હોદ્દા પરથી દૂર કરવા હુકમ કર્યો હતો. બીજીબાજુ, સુપ્રીમકોર્ટના ઘટનાક્રમ બાદ ડીજીપી પી.પી.પાંડેએ તાત્કાલિક અસરથી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ૨૦૦૪માં ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં પી.પી.પાંડે વિરૂધ્ધ પણ ચાર્જશીટ દાખલ થયુ હતું. આ કેસમાં તેઓ જામીન પર મુકત થયા હતા અને ગુજરાત સરકારે ગયા વર્ષે જ તેમને રાજયના ડીજીપી પદનો વધારાનો હવાલો સોંપ્યો હતો. પી.પી.પાંડેની ડીજીપી તરીકેની નિમણૂંકને પડકારતી રિટમાં ગુજરાત સરકારે સ્પષ્ટ કર્યું હતું કે, પાંડેને જાન્યુઆરી મહિનામાં નિવૃત્તિ બાદ એક્ષ્ટેન્શન આપ્યું હતું અને તે મુદત પણ તા.૩૦મી એપ્રિલ પૂરી થાય છે. સરકારે પી.પી.પાંડેએ લખેલા પત્રને સુપ્રીમકોર્ટમાં રજૂ કર્યો હતો. જેમાં પાંડેએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ ડીજીપી પદે રહેવા ઈચ્છતા

● અનુસંધાન પાન-૭ પર

## વીરભદ્રસિંહના દિલ્હી સ્થિત ફાર્મ હાઉસ પર ઈડીનો કબજો

### મની લોન્ડરીંગ પ્રકરણમાં ચાલતી તપાસના ભાગરૂપે ૨૭ કરોડના ફાર્મહાઉસ ઉપર કબજો



નવી દિલ્હી,તા. ૩

સનસનાટીપૂર્ણ અપ્રમાણ સંપત્તિ કેસમાં વીરભદ્રસિંહ અને અન્યો સામે સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યાના દિવસો બાદ જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આજે દિલ્હી ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી લીધો હતો. હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહ સામે ચાલી રહેલા મની લોન્ડરીંગ કેસના સંબંધમાં તેની તપાસના ભાગરૂપે ૨૭ કરોડની કિંમત ધરાવનાર ફાર્મ હાઉસની સંપત્તિને કબજો જમાવ્યો છે. ઈડી દ્વારા દિલ્હી ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી લેવામાં આવતા કોંગ્રેસના નેતાઓમાં ખળભળાટ મચી ગયો છે. તપાસ સંસ્થાએ દક્ષિણ દિલ્હીમાં મહેરોલી વિસ્તારમાં સ્થિત ફાર્મહાઉસ પર કબજો જમાવી લેવાનો આદેશ જારી કર્યો હતો. આ આદેશ પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટની

## ન્યુઝ ટ્રેક

### બી.પી. કાનુંગો આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર




રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર તરીકે બી.પી. કાનુંગોની નીમણુંક કરવામાં આવી છે. તેમણે આજે પોતાનો હવાલો સંભાળી લીધો છે.

### ૨૦૦ રૂ.ની નવી નોટ આવે છે


કેન્દ્ર સરકાર ૨૦૦રૂ.ની નવી નોટ ચલણમાં મુકવા ગંભીરતાથી વિચારી રહી છે. ફૂલ સીક્યોરીટી ફીચર સાથેની ૨૦૦ રૂ.ની નવી નોટ ટુંક સમયમાં ચલણી બનાવાશે.

### આપના નેતાને મહિલાએ લાફો ઝીંક્યો



આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંગને એક મહિલાએ ટીકીટના મામલે જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો. દિલ્હીના તીલકનગર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં મહિલાએ આરોપ લગાવ્યો છે કે ટીકીટ માટે પૈસાની માંગણી કરાઈ હતી.


### પ્રશાંત ભૂષણ સામે ફરિયાદ



સ્વરાજ અભિયાનના સંસ્થાપક અને આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ નેતા પ્રશાંત ભૂષણ દ્વારા કૃષ્ણ પર કરાયેલી ટ્વિટ પર દેશનો સાધુ સમાજ નારાજ લાગી રહ્યો છે. આ અંગે દિલ્હીના એક પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવાઈ છે.

# કાશ્મીર જેલમાંથી વાંધાજનક સામગ્રી પકડાઈ

### ૧૪થી વધારે મોબાઈલ ફોન પણ કબજે કરાયા : જેલમાં મળી આવેલા મોબાઈલનો ઉપયોગ અલગતાવાદી નેટવર્ક અને ક્રોસ બોર્ડ વાતચીત માટે કરાતો હતો



નવી દિલ્હી,તા. ૩

જમ્મુ કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક સબ જેલમાંથી વાંધાજનક સામગ્રીની સાથે સાથે ૧૪ મોબાઈલ ફોન કબજે કરવામાં આવતા સનસનાટી મચી ગઈ છે. હાલમાં પોલીસે આ મામલે એફઆઈઆર દાખલ કરીને મામલાની તપાસના આદેશ આપી દીધા છે. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે એ બાબતની શંકા વ્યક્ત કરવામાં આવી છે કે જેલમાં મળી આવેલા મોબાઈલ ફોનનો ઉપયોગ અલગતાવાદી નેટવર્ક અને ક્રોસ બોર્ડર વાતચીત માટે કરવામાં આવી રહ્યો હતો. બારામુલ્લાના પોલીસ અધિકારી ઈમ્તિયાજ હુસૈને વાતચીત

● અનુસંધાન પાન-૭ પર

## ઈવીએમ સાથે ચેડા શક્ય જ છે : કેજરીવાલ

### ઈવીએમ મશીનોને તપાસ માટે રજુ કરવા માંગ : આમ આદમી પાર્ટીએ ફરીવાર ઈવીએમના ઉપયોગ સામે પ્રશ્નો ઉઠાવ્યા : ઈવીએમ મુદ્દે ચૂંટણી પંચની સામે પ્રહારો

નવી દિલ્હી,તા. ૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ફરી એકવાર ઈલેકટ્રોનિક



વોટીંગ મશીનોની સાથે છેડછાડનો મુદ્દો ઉઠાવ્યો છે. કેજરીવાલે આજે કહ્યું હતું કે ચૂંટણી પંચ ઈલેકટ્રોનિક વોટીંગ મશીનોને જાહેર કરે તો તપાસ થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે જો ઈલેકટ્રોનીક વોટીંગ મશીન જાહેર કરવામાં આવે તો તેઓ તપાસ કરીને ૭૨ કલાકની અંદર જ સાબિત કરી દેશે કે તેમની સાથે ચેડાં કરવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીએ આનાથી પહેલા પણ ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેના આધાર ઉપર ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી હતી કે ઈવીએમ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેની સાથે ચેડાં થઈ શકે નહીં. એક દિવસ પહેલા જ ચૂંટણી પંચે

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર પ્રદેશમાં ખેડૂતોના દેવા માફી અંગેનો નિર્ણય લેવાવાની શક્યતા

### યોગી આદિત્યનાથના નેતૃત્વમાં પ્રથમ કેબિનેટ બેઠક મળશે : અન્ય બાબતોની સાથે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવાય તેવી પ્રબળ સંભાવના : વિરોધ પક્ષોની પણ ઉત્તરપ્રદેશ કેબિનેટ બેઠક ઉપર નજર રહેશે



લખનૌ, તા.૩

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં આવતીકાલે નવી સરકારની પ્રથમ કેબિનેટ બેઠક યોજાનાર છે. જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. આવતીકાલે મળનારી કેબિનેટની બેઠકમાં સૌથી મહુત્વપૂર્ણ નિર્ણય ખેડૂતોની લોન માફીના સંદર્ભમાં લેવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. અધિકારીએ આજે આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે કૃષિ લોન માફી અંગેનો નિર્ણય સૌથી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સાફ શબ્દોમાં કહ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકાર બની ગયા બાદ પ્રથમ કેબિનેટ બેઠકમાં જ ખેડૂતોની લોન માફી અંગેનો નિર્ણય લઈ લેવામાં આવશે. જેથી આ બેઠક ઉપર તમામ રાજકીય

● અનુસંધાન પાન-૭ પર

## મુસ્લિમ મહિલા યોગીના જનતા દરબારમાં પહોંચી

લખનૌ, તા.૩

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જનતા દરબારમાં આજે મુસ્લિમ મહિલા પણ પહોંચી હતી. આ મુસ્લિમ મહિલાએ લગ્ન બાદ તેને થઈ રહેલી તકલીફોનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તેના પતિએ ફોન ઉપર તેને તલાક આપી દીધા છે. મુખ્યમંત્રીના જનતા દરબારમાં પહોંચેલી આ મુસ્લિમ મહિલા સબરીને કહ્યું હતું કે મુખ્યમંત્રી દ્વારા તેમને ન્યાય મળશે તેમ તેઓ માને છે. યોગ્યી આદિત્યનાથના જનતા દરબારમાં મોટી સંખ્યામાં અન્ય લોકો પણ સમસ્યાઓના નિરાકરણ માટે પહોંચ્યા હતા.

# ‘આપ’ને આત્મમંથન કરવા ચૂંટણી પંચનું સૂચન

### એએપીની બિનજરૂરી રજુઆતથી ચૂંટણી પંચ ભારે ખફા : ઈવીએમ સંપૂર્ણપણે ચેડામુક્ત હોવાનો પંચનો ફરી દાવો : અપેક્ષા મુજબના પરિણામ કેમ મળી શક્યા નથી તેમાં એએપી દ્વારા ધ્યાન અપાય તે જરૂરી છે

નવી દિલ્હી,તા. ૩

હાલમાં યોજાયેલી પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં હાર થયા બાદ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં ચેડા કરવામાં આવ્યા છે તેવા આક્ષેપ બાદ એએપીને ચૂંટણી પંચે જોરદાર ફટકાર લગાવી છે. ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યુ છે કે ઈવીએમમાં ખામી કાઢવાના બદલે પોતાના દેખાવની સમીક્ષા કરવા અને આત્મમંથન કરવાની આમ આદમી પાર્ટીને જરૂર છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે હાલમાં ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ એએપીના નિરાશાજનક દેખાવ પછી આક્ષેપો કરીને ચર્ચા જગાવી હતી. કેજરીવાલે ઈવીએમ સાથે ચેડા કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. કેજરીવાલે એમ પણ કહ્યુ હતુ કે ઈવીએમના બદલે બેલેટ પેપરથી મતદાન કરવામાં આવે તે જરૂરી છે. ઈવીએમમાં કોઈ પણ બટન દબાવવાની સ્થિતીમાં મત ભાજપને પડે છે તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે હવે કહ્યુ છે કે ઈવીએમ સંપૂર્ણપણે ટેમ્પર પ્રુફ છે. તેની કામગીરીને લઈને કોઈ તકલીફ નથી. ચૂંટણી પંચે કહ્યુ છે કે એએપી આત્મમંથન કરે તે જરૂરી છે. ચૂંટણી પંચે એએપીના રાષ્ટ્રીય સચિવ પંકજ કુમાર ગુપ્તાને લખવામાં આવેલા એક પત્રમાં કહ્યુ છે કે ઈવીએમને લઈને પ્રશ્નો ઉઠાવવાની બાબત બિલકુલ યોગ્ય નથી. એએપી દ્વારા કરવામાં આવેલી તમામ માંગણીને ચૂટણી પંચે ફગાવી દીધી હતી. ચૂંટણી પંચે એએપી દ્વારા કરવામાં આવેલી તમામ દલીલોને ફગાવી દીધી હતી. ઈવીએમને લઈને કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટીએ પણ પ્રશ્ન ઉઠાવ્યા છે. ચૂંટણી પેનલે એએપીની એવી માંગણીને ફગાવી દીધી છે જેમાં પંજાબમાં તમામ મતદાન મથકો માટે પરિણામની ઉલટ તપાસની માંગ કરવામાં આવી હતી. એએપી દ્વારા માંગ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં કોંગ્રેસના અગ્રણી એકે વાલિયાએ પાર્ટી છોડી દીધી

### ટિકિટ ફાળવણીને લઈને નાખુશ હતા : પાર્ટીના નેતાઓની નારાજગીને લઈને ચિંતાનું મોજુ ફેલાયુ એમસીડીની ૨૩મી એપ્રિલના દિવસે ચૂંટણી પૂર્વે નિરાશા

નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રધાન એકે વાલિયાએ આજે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાય તે પહેલા કોંગ્રેસને વધુ એક મોટો ફટકો પડ્યો છે. દિલ્હીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે.

કોંગ્રેસને ફટકો પડ્યા બાદ આની સીધી અસર ચૂંટણીમાં જોવા મળે તેવી પણ શક્યતા છે. જોકે પાર્ટીએ તેમના રાજીનામાનો હજુ સુધી સ્વીકાર કર્યો નથી. પાર્ટીના નેતાઓ દ્વારા ટિકિટની ફાળવણીને લઈને નારાજ થયેલા વાલિયાએ રાજીનામું આપી દીધું છે.







